શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્ય મહારાજશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના શુભ આશીર્વાદ
પૂ.શાસ્ત્રી સ્વામીશ્રી હરિકેશવદાસજીની મંગળ પ્રેરણાથી

## અધિકમાસમાં અધિકલાભ

# ચોસર પદ સંકીર્તન



www.hkshastri.org

## શ્રી સ્વામિનારાયણ મંદિર

### સેક્ટર-૨૩, ગાંધીનગર.

www.hkshastri.org /HKSHASTRI23 7878060406

## 1. રૂડા લાગો છો રાજેન્દ્ર મંદિર આવતારે

**પદ : ૧**

**રૂડા લાગો છો રાજેન્દ્ર મંદિર મારે આવતા રે; રૂડા. ટેક**

**જરકસિયો જામો હરિ પે'રી માથે બાંધી પાઘ સોનેરી,**
**ગુઢો રેંટો ઓઢી મન લલચાવતા રે. રૂડા. ૧**

**હૈડે હાર ગુલાબી ફોરે, ચિત્ત મારું રોકી રાખ્યું તોરે,**
**ગજરા કાજુ બાજુ મન મારે ભાવતા રે. રૂડા. ૨**

**કનક છડી સુંદર કર લઇને, ગજ ગતિ ચાલો હળવા રહીને,**
**ચિત્તડું ચોરો છો મીઠું મીઠું ગાવતા રે. રૂડા. ૩**

**પ્રેમાનંદના નાથ વિહારી, જાઉ તારા વદનકમલ પર વારી,**
**હેતે શું બોલાવી તાપ સમાવતા રે. રૂડા. ૪**

**પદ : ૨**

**વહાલી લાગે છે વરણાગી તારી વાંકડી રે; વહાલી. ટેક**

**લલિત ત્રિભંગી સુંદર શોભે સુરનરમુનિના મનને લોભે.**
**ચાલો ચાલ ચટકતી પે'રી ચાંખડી રે. વહાલી. ૧**

**સુંદર હસીત વદનની વાણી, સુણતા વ્રજવનિતા લલચાંણી,**
**જોઇને મોહી અણિયાળી ચંચલ આંખડી રે. વહાલી. ૨**

**નવલ મનોહર સુંદર છેલા, ઓરા આવોને અલબેલા,**
**મળિયે મોહન બાંધી બાંચે રાખડી રે. વહલી. ૩**

**શ્રીઘનશ્યામ છબિના ધામ, પ્રેમાનંદ ભજે આઠો જામ,**
**જોયાની લાગી છે નિશદિન ધાંકડી રે. વહાલી. ૪**

**પદ : ૩**

**તારી બાનકની બલિહારી મારા નાથજી રે; તારી. ટેક**

**સુંદર રૂપ કહ્યામાં નાવે, શેષ સહસ્ત્ર મુખ પાર ન પાવે,**
**કોટિક કામ લજાઇ જોડે હાથજી રે. તારી. ૧**

**મોહ્યું મન મુખને મરકલડે, ગિરિધરજી ગમિયા છો દલડે,**
**ક્ષણું ન મેલે સાગરતનયા સાથજી રે. તારી. ૨**

**રૂપ શીલ ગુણ રસના સાગર, તરુણ કિશોર સદા નટનાગર,**
**વ્રજવનિતાના પ્રાણજીવન સુખપાથજી રે. તારી. ૩**

**કરુણા રસમય જોવું હસવું, કરુણા કરી જન ઉરમાં વસવું**
**પ્રેમાનંદ નિત્ય ગાવે એ ગુણ ગાથજી રે. તારી. ૪**

**પદ : ૪**

**વારે વારે જાઉં વહાલાજી તારે વારણે રે; વારે. ટેક**

**આદિ પુરુષ ઇશ્વર અવતારી, કરુણા રસમય મૂર્તિ ધારી,**
**પતિતપાવન પ્રગટ્યા આજ અમકારણે રે. વારે. ૧**

**નરનારી અગણિત અથડાતાં, ભવસાગરમાં ડુબકાં ખાતા,**
**બળવંત બાંહ ગ્રહીને કાઢ્યા બારણે રે. વારે. ૨**

**અધમ ઓધારણ નામના નામી, બિરૂદ તમારું સદાયે સ્વામી,**
**કીધું સત્ય કળીમાં બહુ જન તારણે રે. વારે. ૩**

**મળિયા પુરૂષોત્તમ એમ જાણી, અચલ આશરો ઉરમાં આણી,**
**પ્રેમાનંદ ઠરીને બેઠો ઠારણે રે. વારે. ૪**

**2. શોભાસાગર શ્યામ તમારી મૂરતિ પ્યારી રે**

**પદ : ૧**

**શોભાસાગર શ્યામ તમારી મૂરતિ પ્યારી રે,**
**મૂરતિ પ્યારી રે નાખું મારા પ્રાણ વારી રે.... ટેક૦**

**સુંદરતા જોઇ મુખની શશી સુર લજાઇ રે,**
**મુખ દેખાડી નવ શક્યા, વસ્યા ગગન જાઇ રે... શોભા૦ ૧**

**માન હર્યું મણિધરનું શિખા-કેશ કાળે રે,**
**અવની ઉપર રહી ન શક્યા, ગયા પાતાળે રે... શોભા૦ ૨**

**ચંચળ લોચન જોઇને, લજજા પામ્યાં તીન રે,**
**ખંજન કુરંગ વન વસ્યાં, જળે બૂડ્યાં મીન રે... શોભા૦ ૩**

**ચાલ ચતુરાઇ જોઇને ગજ કરે ધિક્કાર રે,**
**પ્રેમાનંદ કહે શિર નાખે ધૂળ વારંવાર રે... શોભા૦ ૪**

**પદ : ૨**

**વાલી લાગે વાલમ તારા મુખની વાણી રે,**
**મુખની વાણી શ્રવણે સુણી હું લોભાણી રે ટેક૦**

**મુખની વાણી સાંભળી તજી ચંચળતાઇ રે,**
**સ્થિર થઇને નિત્ય સેવે ચરણ રમા ડાહી રે... વાલી૦ ૧**

**મુખની વાણી સાંભળી રાચ્યા સુંદર રૂપે રે,**
**જગતસુખને પરહરી લીધો ભેખ ભૂપે રે... વાલી૦ ૨**

**વાણી સાંભળી સનકાદિકે લીધી હૈયે ધારી રે,**
**ઘરથી ઘર ન માંડિયું રહ્યા બ્રહ્મચારી રે... વાલી૦ ૩**

**મુખની વાણી સાંભળી મારે પ્રીત બંધાણી રે,**
**પ્રેમાનંદ કહે તન મન કરું કુરબાની રે... વાલી૦ ૪**

**પદ : ૩**

**ઓરા આવો છેલ તમારું છોગલું જોઉં રે,**
**છોગલું જોઉં રે છેલા મારા મનમાં પ્રોઉં રે... ટેક૦**

**છોગલું તારું અટક્યું મારા ઉરમાં આવી રે,**
**મોહન તારી મૂરતિ મારા મનમાં ભાવી રે... ઓરા૦ ૧**

**મુખતણે મરકલડે મુને ઘેલડી કીધી રે,**
**સામું જોઇ તમે શામળા શુદ્ધ બુદ્ધ લીધી રે... ઓરા૦ ૨**

**શુધ ભૂલી શરીરની દિલ ક્યાંય ન ગોઠે રે,**
**મનડું વેધ્યું માહરું નેણાંની ચોટે રે... ઓરા૦ ૩**

**એટલું તો હવે કરજો માણીગર માવા રે,**
**પ્રેમાનંદના નેણમાં રહો આવાને આવા રે... ઓરા૦ ૪**

**પદ : ૪**

**કાન તમારે કારણે હું તો ઘેલડી ડોલું રે,**
**ઘેલડી ડોલું રે તમ વિના બીજુ ન બોલું રે... ટેક૦**

**લોકડિયાની લાજ મેલી સંસારથી તોડી રે,**
**મન કર્મ વચને માવજી તમ સાથે જોડી રે...કાન૦ ૧**

**બીક મેં તો સંસારની સર્વે કાઢી બા'રી રે,**
**રાજીવલોચન રસિયા થઇ રહી તમારી રે... કાન૦ ૨**

**તમે મારા હું તમારી દુરિજન ન જાણે રે,**
**પ્રીતમ વાતું પ્રેમની ન મળે નાણે રે... કાન૦ ૩**

**રાજી રહેજો રસિયા કહેવું ઘટે તે કહેજો રે,**
**પ્રેમાનંદના નાથજી દર્શન દેજો રે... કાન૦ ૪**

### 3. સર્વે સખી જીવન જોવાને ચાલો રે

**પદ : ૧**

**સર્વે સખી જીવન જોવાને ચાલો રે, શેરડીયુંમાં આવે લટકંતો લાલો રે.**
**એની શોભા મુખે વર્ણવી ન જાય રે, જેને નિગમ નેતિ નેતિ કરી ગાય રે.**
**રોઝે ઘોડે રાજેશ્વર વિરાજે રે, છબી જોઇ કોટિક કંદર્પ લાજે રે.**
**મળ્યા આવે મહામુનિનાં વૃંદ રે, તેમાં શોભે તારે વિંટયો જેમ ચંદ રે.**
**શુક સનકાદિક ઉત્તમ જશ ગાવે રે, નૃત્ય કરી નારદ વીણા વજાવે રે.**
**નિજ સખા ચમર કરે લઇ હાથ રે, આ જો આવ્યા ભૂમાનંદનો નાથ રે.**

**પદ : ૨**

**જુવો છબી શ્યામ સુંદરવર કેરી રે, હીરની નાડી સુંથણલી સોનેરી રે.**
**જરકસી જામો બુટાદાર રે, કસીયો કમર સોનેરી કટાર રે.**
**શિર પર પાઘ પેચાળી નવરંગી રે, કાને ગુચ્છ ગુલાબી માથે કલંગી રે.**
**ગજરા તોરા ગળે ગુલાબના હાર રે, આવી ઉપર ભ્રમર કરે ગુંજાર રે.**
**પોંચી કડાં બાંયે બાજુ-બંધ રે, નંગ જડયાં કુંડળ મોતીનાં વૃંદ રે.**
**વેગે જુઓ વરણાગીયો વનમાળી રે, શીતળ થાઇયે ભૂમાનંદ કહે ભાળી રે.**

**પદ : ૩**

**મૂર્તિ ચંચલ જુવો ચટકંતિ ચાલ રે, નેતર છડી કરમાં ફૂમતિયાળી લાલ રે.**
**મંદ હાસ્ય ચપળ નેણ ચિત્ત ચોરે રે, કરનાં લટકાં કરી કાળજડાને કોરે રે.**
**મીઠા બોલો ઘેરે રાગે ગાય રે, અધર ધરી મોરલી મનોહર વાય રે.**
**ઝળકે ભાલ વિશાલ શોભાનું ધામ રે, નાસા અણીયાળી ભમર અતિશામ રે.**
**અધર લાલ માંહી મધુરી હાસ રે, દંત પંકિત કરે અતિ પ્રકાશ રે.**
**જમણે ગાલે ટીબકડી છે રૂપાળી રે, તાપ ટળ્યા ભૂમાનંદ કહે ભાળી રે.**

**પદ : ૪**

**ઘેરે ચાલી આવ્યા ગૌલોકવાસી રે,જેને કહે છે અક્ષરાતીત અવિનાશી રે.**
**જુવો જીવ મોહ નિદ્રામાથી જાગી રે,વરી એને થાઓ અખંડ સોહાગી રે.**
**જોતાં વાટ આવી મારે જાન રે,પોતે વર પુરૂષોત્તમ ભગવાન રે.**
**શુક સનકાદિક ધરે જેનું ધ્યાન રે, મારાં લોચન કરે તે મુખનું પાન રે.**
**એની સર્વે દેખી અલૌકિક રીત રે,ચોંટ્યું મારૂં સુંદરવરમાં ચિત્ત રે.**
**હથેવાળો હરિ સંઘાથે મેં કીધો રે, ભૂમાનંદ કહે જન્મ સુફળ કરી લીધો રે.**

## 4. હરિજન સાચા રે, જે ઉરમાં હિંમત રાખે

**પદ : ૧**

**હરિજન સાચા રે, જે ઉરમાં હિંમત રાખે,**
**વિપતે વરચી રે, કેદી દીન વચન નવ ભાંખે. ૧**

**જગનું સુખ દુ:ખ રે, માઈક મિથ્યા કરી જાણે,**
**તન ધન જાતાં રે, અંતરમાં શોક ન આણે. ૨**

**પર ઉપકારી રે, જન પ્રેમ નિયમમાં પૂરા,**
**દેહિક દુ ખમાં રે, દાઝે નહીં સાધુ શૂરા. ૩**

**હરિને સમરે રે, નિત્ય અહોનિશ ઉમંગ ભરિયા,**
**સરવ તજીને રે, નટનાગર વહાલા કરિયા. ૪**
**બ્રહ્માનંદ કહે રે, એવા હરિજનની બલિહારી,**
**મસ્તક જાતાં રે, નવ મેલે ટેક વિચારી. ૫**

**પદ : ૨**

**ટેક ન મેલે રે, તે મરદ ખરા જગમાંહી,**
**ત્રિવિધ તાપે રે, કેદી અંતર ડોલે નાંહી. ૧**

**નીધડક વરતે રે, દ્રઢ ધીરજ મનમાં ધારી;**
**કાળ કર્મની રે, શંકા તે દેવે વિસારી. ૨**

**મોડું વહેલું રે, નિશ્ચે કરી એક દિન મરવું;**
**જગ સુખ સારુ રે, કેદી કાયર મન નવ કરવું. ૩**

**અંતર પાડી રે, સમજીને સવળી આંટી;**
**માથું જાતાં રે, મેલે નહીં તે નર માટી. ૪**

**કોઇની શંકા રે, કેદી મનમાં નવ ધારે;**
**બ્રહ્માનંદના રે, વહાલાને પળ ન વિસારે. ૫**

**પદ : ૩**

**જો હોય હિંમત રે, નરને ઉરમાંહી ભારી;**
**દ્રઢતા જોઇને રે, તેની મદદ કરે મોરારી. ૧**

**બીક તજીને રે, નિત હિંમત સોતો બોલે;**
**મસ્તક માયા રે, સરવે તૃણ જેવું તોલે. ૨**

**કેસરી સિંહને રે, જેમ શંકા મિલે નહીં મનમાં;**
**એકાએકી રે, નિરભે થઇ વિચરે વનમાં. ૩**

**પંડે છોટો રે, મોટા મેંગળને મારે;**
**હિંમત વિનાનો રે, હાથી તે જોઇને હારે. ૪**

**બ્રહ્માનંદ કહે રે, એમ સમજે તે જન શૂરા,**
**તન કરી નાંખે રે, ગુરુ વચને ચૂરેચૂરા. ૫**

**પદ : ૪**

**પેટ કટારી રે, પે'રીને સનમુખ ચાલ્યા;**
**પાછા ન વળે રે, કોઇનાં તે ન રહે ઝાલ્યા. ૧**

**આમા સામા રે, ઉડે ભાલાં અણીઆલાં;**
**તે અવસરમાં રે, રહે રાજી તે મતવાલા. ૨**

**સાચા શૂરા રે, જેના વેરી ઘાવ વખાણે;**
**જીવતર જૂઠું રે, મરવું તે મંગળ જાણે. ૩**

**તેની પેરે રે, હરિજન પણ જોઇએ તીખા;**
**અંતર શત્રુને રે, લાગે અતિ વજ્ર સરીખા. ૪**

**માથું જાતાં રે, મુખનું પાણી નવ જાવે;**
**બ્રહ્માનંદ કહે રે, તે સંત હરિ મન ભાવે. ૫**

### 5. મોહનને ગમવાને ઇચ્છો માનની

**પદ : ૧**

**મોહનને ગમવાને ઇચ્છો માનની, ત્યાગો સર્વે જૂઠી મનની ટેક જો,**
**પતિવ્રતાનો ધર્મ અચળ કરી પાળજો, હરિ ચરણે રહેજો અબળા થઇ છેક જો. મોહનને ૧**
**વળી એક વાત કહું છું અધિક વિવેકની, સાંભળ બેની તારા સુખને કાજ જો,**
**હરિજન સંગે રાખો પૂરણ પ્રીતડી, ત્યાગો મદ મત્સર જુઠી કુળલાજ જો. મોહનને ૨**
**સુખદાયક તું જાણે સુંદર શ્યામને, અતિ દુખદાયક મન પોતાનું જાણજો,**
**મુક્તાનંદનો નાથ મગન થઇ સેવજો, સમજી વિચારી બોલો અમૃત વેણજો. મોહનને ૩**

**પદ : ૨**

**સાંભળ બેની હરિ રીઝ્યાની રીતડી, મોહનવરને માન સંગાથે વેર જો,**
**સાધન સર્વે માન બગાડે પળ વિષે, જેમ ભળીયું પય સાકરમાં અહિ ઝેર જો. સાંભળ ૧**
**દાસી થઇને રહેજે દિનદયાળની, નીચી ટેલ મળે તો માને ભાગ્ય જો,**
**ભવ બ્રહ્માદિકને નિશ્ચે મળતી નથી, પુરૂષોત્તમ પાસે બેઠાની જાગ્ય જો. સાંભળ ૨**
**પ્રીત કરે પુરૂષોત્તમ સાથે નિત્ય નવી, દાજીશમાં દેખી કેનું સન્માન જો,**
**મુક્તાનંદનો નાથ મગન થઇ સેવજો, તો રીઝે રસિયો સુંદરવર કહાન જો. સાંભળ ૩**

**પદ : ૩**

**કાન કુંવરની રીત સુણી મનમાં ધરો, તો તમે રહેશો મગન સદા હરિ સંગ જો,**
**પુરૂષોત્તમને નથી કોઇ પર પોતાતણું, પૂરણકામ ન રાચે કેને રંગ જો. કાન ૧**
**કરુણાનિધિમાં કામાદિક વ્યાપે નહિ, ઇર્ષ્યા માન તણો નહિ અંતર લેશ જો,**
**કડવાં વેણ કહે પોતાના દાસને, ઔષધ સમ આપે ઉત્તમ ઉપદેશ જો. કાન ૨**
**જે જે વચન કહે સુંદરવર શ્યામળો, સુખ ઉપજે તેમ કરવો શુદ્ધ વિચાર જો,**
**મુક્તાનંદનો નાથ સદા સુખદાઇ છે, એવું જાણી કરજો પૂરણ પ્યાર જો. કાન ૩**

**પદ : ૪**

**સુખ સાગર હરિવર સંગે સુખ માણજો, અતિ ઘણી મહેર કરી છે શ્રી મહારાજ જો,**
**પુરુષોત્તમ સાથે પૂરણ સગપણ થયું, આપણ તુલ્ય નહિ કોઇ બીજું આજ જો. સુખસાગર ૧**
**રવિ મંડળમાં રાત તણું દુખ નવ નડે, પારસ પામ્યે ધન દુર્બળતા જાય જો,**
**તેમ પ્રગટ પુરુષોત્તમને જે જે મળે, તેનો મહિમા ભવ બ્રહ્માદિક ગાય જો. સુખસાગર ૨**
**તન અભિમાન તજે પૂરણ સુખ પામીએ, શામળીયા સંગ વાધે સાચી પ્રીત જો,**
**મુક્તાનંદ કહે મર્મ ઘણો છે એ વાતમાં, જાણી લેજો અતિ ઉત્તમ રસ રીત જો. સુખસાગર ૩**

6. હરિગુણ ગાતાં, દુર્જનીઆનો ધડક ન મનમાં ધારીએ

પદ : ૧

હરિગુણ ગાતાં, દુરિજનિયાંની ધડક ન મનમાં ધારીએ
શિરને સાટે, શ્વાસ ઉચ્છવાસે સુંદરવર સંભારીએ. ટેક.

જે સાચું સમરણ આદરે, તેનો મૂરખ માણસ દ્રોહ કરે,
તે ઉલટો નિજ શિર ભાર ભરે. હરિ ૧

જે સૂરજ સામી રજ નાખે, તે ઉલટી આવી પડે આંખે
રવિ રોષ રાગ મન નવ રાખે. હરિ ૨

એમ સમજી મન દ્રઢ રાખીએ, મુખ કાયરતા નવ ભાખીએ
જે તન પ્રભુ પર વારી નાખીએ. હરિ ૩

જે તન મન ધન હરિચરણે ધરે, તેની સુંદર શ્યામ સહ્ય કરે
કહે મુક્તાનંદ તારે ને તરે. હરિ ૪

પદ : ૨

સર્વે માન તજી, શામળીયા સંગાથે મન દ્રઢ બાંધીએ
તજી લોક લજજા, સાધુજન સંગાથે પ્રીતિ સાંધીએ. ટેક.

જે સાધુ જનનો સંગ કરે, તેના કામાદિક સંતાપ હરે
તેનું મન લઇ મોહન ચરણે ધરે. સર્વે ૧

સહુ હરિ ભજતાં મોટપ પામે, તેનાં જન્મ મરણનાં દુ ખ વામે
ફરી મન ન ચડે બીજે ભામે. સર્વે ૨

ધ્રુવ આદિ અચળ થયા હરિ સેવી, તેની શિખામણ મન ધારી લેવી
ભક્તિ પણ કરવી તે જેવી. સર્વે ૩

દુરીજનના સંગથી દૂર રહીએ, હરિજનનો અવગુણ નવ લઇએ
મુક્તાનંદ દાસના દાસ થઇએ. સર્વે ૪

**પદ : ૩**

**તન ધન જાતાં, હરિજન હોય તે હરિભક્તિથી નવ ચળે,**
**જેમ નાર સતી, સર્વે મમતા છોડી પતિ સંગે બળે. ટેક.**

**જુઓ પ્રહલાદે પણ નવ છોડયું, નિજ તાત તણું સગપણ ત્રોડયું**
**દ્રઢ કરી મોહન સંગ મન જોડયું. તન ૧**

**જુઓ હરિશ્ચંદ્રે હરિ નવ તજીઆ, પર ઘેર વેચાઇ પ્રભુને ભજીયા**
**ત્યારે મોહનના મનમાં રજીયા. તન ૨**

**જુઓ બળીનું મન નવ હારીયું ગુરૂવચન રૂદે નવ ધારીયું**
**તન મન ધન પ્રભુ પર વારિયું. તન ૩**

**એવી દ્રઢતા ધારે તે સુખિયા, તે કોઇ કાળે નવ હોય દુ ખીયા**
**કહે મુક્તાનંદ તે મહા સુખિયા. તન ૪**

**પદ : ૪**

**હરિજન થઇને, હાણ વરધ સુખ દુ ખ મનમાં નવ ધારીએ**
**ટાળ્યા નવ ટળે, ઘટ સાથે ઘડિયાં, હિંમત નવ હારીએ. ટેક.**

**જુઓ કદરજ મહા દુ ખીયા કાવ્યા, તે સુખ દુ ખ મનમાં નવ લાવ્યા**
**ત્યારે મોહનના મનમાં ભાવ્યા. હરિજન ૧**

**જુઓ વસુદેવ દેવકી બંધ રહ્યાં, બહુ કાળે બંધન દૂર થયા**
**જેને હરિ પુત્ર તોયે દુ ખ સહ્યાં. હરિજન ૨**

**જુઓ પાંડવ હરિને અતિ પ્યારા, જેથી પળ એક નાથ ન રહે ન્યારા**
**તે વન ભટકયા લઇ સંગ દારા. હરિજન ૩**

**એમ સમજી હરખ શોક તજીએ, થઇ એકમના પ્રભુને ભજીએ**
**કહે મુક્તાનંદ હરિને રજીએ. હરિજન ૪**

### 7. નંદના નંદન સાથે પ્રીતડી બંધાણી રે

પદ : ૧

નંદના નંદન સાથે પ્રીતડી બંધાણી રે,
મીઠું મીઠું બોલી મારું મન લીધું તાણી રે. નંદ૦ ટેક.

રંગના રંગીલા કેરી બંસી વનમાં વાગી રે,
ધીરજ રહી ન, હું તો ઝબકીને જાગી રે. નંદ૦ ૧

મોરલીમાં મંત્ર ભણી, કાંઇ મુને કીધું રે,
લટકાળે મન મારું, લટકામાં લીધું રે. નંદ૦ ૨

તનડું વેંધાણું મારું, ઘાયલ થઇ છું રે,
કોડીલા કાનાને દેખી, મોહીને રહી છું રે. નંદ૦ ૩

ગુંગે જેમ ગુડ ખાધો, તે તો શું વખાણે રે,
બ્રહ્માનંદ કેરો વહાલો, અંતરની જાણે રે.નંદ૦ ૪

પદ : ૨

મનડું મોહ્યું છે મારું, નંદને દુલારે રે,
દેખીને લોભાણી હું તો નેણુને નજારે રે. મન૦ ટેક.

ચટક રંગીલો ફેંટો, પાઘડલી પેચાળી રે
ચકિત થઇ છું હું તો, રસિયો નિહાળી રે. મન૦ ૧

ઘરડાંનો ધંધો ભૂલી, મોરલીને તાને રે,
લગની લાગી છે મારી, વહાલાજીને વાને રે. મન૦ ૨

રંગનો રંગીલો છેલો, અંગને મરોડે રે,
નેણું સાથે નેણાં આવી, જોરે જોરે જોડે રે. મન૦ ૩

ચિત્તડું ચોર્યાને અર્થે, દેખે દહાડી દહાડી રે,
બ્રહ્માનંદ કેરે વહાલે, મોહિની લગાડી રે. મન૦ ૪

**પદ : ૩**

**મંદિર પધાર્યા મારે, શ્યામલો સોહાગી રે,**
**ભૂધરને ભેટી હું તો, થઇ બડ ભાગી રે. મંદિર૦ ટેક.**

**મુજ પર અઢળક, ઢળિયા દીન જાણી રે,**
**રંગને રંગીલે રાખ્યું, મુખડાનું પાણી રે. મંદિર૦ ૧**

**મેહેર કરીને મુને, પોતાની ઠેરાવી રે,**
**બાંહી ગ્રહીને વહાલે, હસીને બોલાવી રે. મંદિર૦ ૨**

**કહાનને કાજે મેં તો, સેજડી સુધારી રે,**
**પ્રીતડી કરીને સર્વે, પૂરી આશા મારી રે. મંદિર૦ ૩**

**રસિયાને રંગે મેં તો, જગત વિસાર્યો રે,**
**બ્રહ્માનંદ કેરે વહાલે, જનમ સુધાર્યો રે. મંદિર૦ ૪**

**પદ : ૪**

**જીવું છું રસીલા, તારા મુખડાને જોતી રે,**
**હૈડાના હાર પ્યારા, નથડીનાં મોતી રે. જીવું૦ ટેક૦**

**મુખડું જોઇને તારૂં, મોહ્યું મન મારૂં રે,**
**પીયર સાસરિયું સર્વે, થયું મુને ખારૂં રે. જીવું૦ ૧**

**અધર-અમૃત પાને, થઇ હું તો ઘેલી રે,**
**નિ શંક થઇ છું લજ્જા, લોક કેરી મેલી રે. જીવું૦ ૨**

**નટવર નિરખી તુંને, અંતર ઠરે છે રે,**
**દુરિજન લોક ઘોળ્યાં, દાઝીને મરે છે રે. જીવું૦ ૩**

**મન-કર્મ વચને હું, થઇ રહી તારી રે,**
**મુખડાં ઉપર જાયે, બ્રહ્માનંદ વારી રે. જીવું૦ ૪**

# શ્રી સ્વામિનારાયણ મંદિર

## સેક્ટર-૨૩, ગાંધીનગર.

www.hkshastri.org /HKSHASTRI23 7878060406